પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૯૧ | ૨ જાન્યુઆરી, ૨૦૨૨, રવિવાર; માગશર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વૈષ્ણો દેવીના મંદિરમાં નાસભાગમાં ૧૨નાં મોત

## બચાવ કાર્ય ચાલુ, મૃત્યુંઆંકમાં સતત વધારો : ૧૫થી વધુ ઘાયલ : દુર્ઘટના બાદ માતા વૈષ્ણો દેવીની યાત્રા હાલ પુરતી રોકી દેવામાં આવી

જમ્મુ,તા.૧

વર્ષ ૨૦૨૨ની શરૂઆતમાં આજે સવારે એક મોટી દુર્ઘટના થઈ છે. નવા વર્ષ પર માતા વૈષ્ણો દેવીના મંદિરે દર્શન કરવા આવેલા શ્રદ્ધાળુઓમાં નાસભાગ મચી ગઈ હતી. આ દરમિયાન અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોત થયા છે. આ સિવાય ૧૫ લોકો ઘાયલ થયાના સમાચાર સામે આવ્યા છે. તમામની કટરા અને કકરાયલ નારાયણ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ દુર્ઘટના બાદ માતા વૈષ્ણો દેવીની યાત્રા હાલ પુરતી રોકી દેવામાં આવી છે. જણાવી દઈએ કે માતા વૈષ્ણોના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો અહીં પહોંચ્યા હતા. આ દરમિયાન નાસભાગમાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. સૌથી પહેલા ૭ લોકોના મોતના સમાચાર સામે આવ્યા હતા. આ પછી ધીરે ધીરે આ આંકડો સતત વધી રહ્યો છે. અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોત થયા છે. બચાવ કાર્ય ચાલુ છે. હજુ સુધી વહીવટીતંત્ર તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. માતા વૈષ્ણો દેવી ભવનમાં થયેલા અકસ્માતની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. જમ્મૂ-કાશ્મીર એલજી ઓફિસના સત્તાવાર હેન્ડલ પરથી ટ્વીટ કરવામાં, 'ગૃહમંત્રી અમિત શાહ સાથે વાત કરી. તેમને ઘટના વિશે જાણ કરી. આજની નાસભાગની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તપાસ સમિતિનું નેતૃત્વ મુખ્ય સચિવ (ગૃહ) કરશે, જેમાં છહ્રઁ, જમ્મુ અને ડિવિઝનલ કમિશનર, જમ્મુ સભ્યો હશે.





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુના વૈષ્ણો દેવી મંદિરમાં થયેલા અકસ્માત પર શોક વ્યક્ત કર્યો છે. પીએમ મોદીએ ટ્વીટ કર્યું, 'માતા વૈષ્ણો દેવી ભવનમાં થયેલી નાસભાગમાં ઘણા લોકોના જીવ ગુમાવ્યો જેનું ખૂબ જ દુઃખ છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના. ઘાયલ લોકો જલ્દી સાજા

● અનુસંધાન પાન-૭ પર

## મોદીએ વૈષ્ણોદેવીમાં થયેલી નાસભાગ પર દુઃખ વ્યક્ત કર્યું

નવી દિલ્હી,તા.૧

જમ્મુના કટરામાં માતા વૈષ્ણો દેવી મંદિરમાં નાસભાગને કારણે ૧૨ ભક્તોના મોત થયા છે. તે જ સમયે, ઘણા ઘાયલ થયા છે જેમની નારાયણ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના પર ટ્વિટ કરીને શોક વ્યક્ત કર્યો છે. આ સાથે જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ૧૦ લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે. સાથે જ ઘાયલોની સારવાર માટે ૨ લાખ રૂપિયા આપવામાં આવશે. પીએમ મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, માતા વૈષ્ણો દેવી ભવનમાં નાસભાગમાં લોકોના મોતથી ખૂબ જ દુઃખી છું. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ અને ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય જી સાથે વાત કરી અને સ્થિતિનો તાગ મેળવ્યો.

# મહારાષ્ટ્રમાં ૨૦ ધારાસભ્યો, ૧૦ મંત્રી કોરોનાથી સંક્રમિત

## દેશમાં કોરોનાના ઝડપથી વધતા કેસોએ ચિંતા વધારી : રાજ્યના આરોગ્ય અધિકારીઓએ આને ત્રીજી લહેર ગણાવતા કહ્યું કે આને ઓમિક્રોન-કોવિડ લહેર કહી શકાય છે જે હવે મહારાષ્ટ્રમાં શરૂ થઈ ગઈ છે : લોકડાઉનના સંકેત

મુંબઈ, તા.૧

મહારાષ્ટ્ર અને મુંબઈ બંનેમાં ૪૮ કલાકની અંદર દૈનિક કોવિડ -૧૯ કેસ બમણા થઈ ગયા છે. રાજ્યમાં શુક્રવારે ૮,૦૬૭ નવા કેસ નોંધાયા હતા જે બુધવારે ૩,૯૦૦ હતા અને મુંબઈમાં બુધવારના ૨,૪૪૫ ની સરખામણીએ ૫,૪૨૮ કેસ નોંધાયા હતા. રાજ્યના આરોગ્ય અધિકારીઓએ તો આને ત્રીજી લહેર ગણાવતા કહ્યું કે આને ઓમિક્રોન-કોવિડ લહેર કહી શકાય છે. જે હવે મહારાષ્ટ્રમાં શરૂ થઈ ગઈ છે. આ ઉપરાંત સ્થિતિ કેટલી ગંભીર છે તેનો અંદાજો એ વાત પરથી પણ લગાવી શકાય છે કે મહારાષ્ટ્ર રાજ્ય સરકારના રાહત અને પુનર્વસન મંત્રી વિજય વડેટ્ટીવારે જણાવ્યું હતું કે, રાજ્ય સંભવિત લોકડાઉનના દરવાજે છે. હવે માત્ર સમયની જ વાર છે જ્યારે કડક નિયંત્રણો પાછા લાવવામાં આવશે.

મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ઝડપથી બમણી થવાની સાથે, રાજ્યના જાહેર આરોગ્ય વિભાગે અનુમાન લગાવ્યું છે કે જાન્યુઆરીના ત્રીજા સપ્તાહ સુધીમાં મહારાષ્ટ્રમાં સક્રિય કેસ વધીને ૨ લાખ થઈ જશે. શુક્રવાર સુધીમાં મહારાષ્ટ્રમાં ૨૪,૫૦૯ સક્રિય કેસ છે. રાજ્યમાં માત્ર ૧૦ જ દિવસમાં સક્રિય કેસ ૨૧ ડિસેમ્બર (૭,૦૯૩) અને ડિસેમ્બર ૩૧ (૨૪,૫૦૯) વચ્ચે ત્રણ ગણા વધ્યા છે. મુંબઈમાં પણ ૧૦ દિવસના સમયગાળામાં ૨,૦૬૧ સક્રિય કેસ વધીને ૧૬,૪૪૧ થઈ ગયા છે.

રાજ્યની જાહેર આરોગ્ય ટીમને લખેલા પત્રમાં, રાજ્યના આરોગ્ય વિભાગના એડિ. મુખ્ય સચિવ પ્રદીપ વ્યાસે શુક્રવારે જણાવ્યું હતું કે, "ઓમિક્રોન વેરિઅન્ટ સહિત કોવિડ -૧૯ કેસ વધી રહ્યા છે અને રાજ્યમાં કોવિડ મહામારીની ત્રીજી લહેરની શરુઆત થઈ ચૂકી છે. "તમામ જિલ્લાઓને ત્રીજા લહેર દરમિયાન આરોગ્ય વ્યવસ્થાઓ પર દર્દીઓના ભારણને નિયંત્રિત કરવા માટે તૈયારીઓ શરૂ કરવા કહેવામાં આવ્યું છે.

# દેશમાં ૨૨,૭૭૫ નવા કેસ

નવી દિલ્હી, તા.૧

ભારતમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. જેના કારણે ફરી એક વખત ચિંતાનો માહોલ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૨૨,૭૭૫ નવા કેસ નોંધાયા છે અને ૪૦૬ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧,૦૪,૭૮૧ પર પહોંચી છે. રિકવરી રેટ ૯૮ ટકાથી વધારે છે. ઓમિક્રોનના કુલ કેસ ૧૪૩૧ થયા છે. ૩૧ ડિસેમ્બરે ૧૬,૭૬૪ નવા કેસ અને ૨૨૦ લોકોના મોત થયા હતા. ૩૦ ડિસેમ્બરે ૧૩,૧૫૪ નવા કેસ અને૨૬૮ સંક્રમિતોના મોત થયા હતા. ૨૯ ડિસેમ્બરે ૯૧૯૫ કેસ અને ૩૦૨ સંક્રમિતોના મોત થયા હતા. ૨૮ ડિસેમ્બરે ૬૩૫૮ કેસ નોંધાયા હતા. ૨૭ ડિસેમ્બરે ૬૫૩૧ કેસ અને ૧૬૨ સંક્રમિતોના મોત થયા હતા. ૨૬ ડિસેમ્બરના રોજ ૬૯૮૭ કેસ અને ૧૬૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ૨૫ ડિસેમ્બરે ૭૧૮૯ નવા કેસ અને ૩૮૭ સંક્રમિતોના નિધન થયા હતા. ૨૪ ડિસેમ્બરે ૬૬૫૦ કેસ અને ૩૭૪ સંક્રમિતોના મોત થયા હતા. ૨૩ ડિસેમ્બરે ૬૩૧૭ નવા કેસ અને ૪૩૪ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ૨૨ ડિસેમ્બરે ૬૩૧૭ નવા કેસ ૩૧૮ સંક્રમિતોના મોત થયા હતા. ૨૧ ડિસેમ્બરે ૫૩૨૬ નવા કેસ અને ૪૫૩ સંક્રમિતોના મોત થયા હતા. ૨૦ ડિસેમ્બરે ૬૫૬૩ નવા કેસ અને ૧૩૨ સંક્રમિતોના મોત થયા હતા. ૧૯ ડિસેમ્બરે ૭૦૮૧ નવા કેસ અને ૨૬૪ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. ૧૮ ડિસેમ્બરે ૭૧૪૫ નવા કેસ સામે આવ્યા હતા અને ૨૮૯ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો હતો. ૧૭ ડિસેમ્બરે ૭૪૪૭ નવા કોરોના કેસ નોંધાયા હતા અને ૩૯૧ સંક્રમિતોના મોત થયા હતા. ૧૬ ડિસેમ્બરે ૭૯૭૪ નવા કેસ અને ૩૪૩ સંક્રમિતોના મોત થયા હતા. ૧૫ ડિસેમ્બરે ૬૯૮૪ નવા કોરોના કેસ નોંધાયા હતા.

**નવા વર્ષે જ કોરોનાએ લીધો ભરડો : ૪૦૬ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે જ્યારે દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧,૦૪,૭૮૧ પર પહોંચી છે**

## કોમર્શિયલ LPG સિલિન્ડરમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરાયો

નવી દિલ્હી,તા.૧

નવા વર્ષ પર ઈન્ડિયન ઓઈલે લોકોને મોટી ભેટ આપી છે. ઈન્ડિયન ઓઈલે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. તેનાથી લોકોને મોટી રાહત મળશે. જોકે, ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તમને જણાવી દઈએ કે અગાઉ ડિસેમ્બર મહિનામાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં વધારો કરવામાં આવ્યો હતો.

નવા વર્ષે વર્ષો જૂનું સ્વપ્ન પૂર્ણ કરો.
૪થી જાન્યુઆરીથી શરૂ થતી બેચમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ નજીક, સે.૭બી, ગાંધીનગર. ● ફોન : ૯૬૨૪૦૧૦૫૫૫
ઓફિસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar

## હરિયાણામાં ભૂસ્ખલન થતાં ૧૫ વાહનો દટાયા

ભિવાની, તા.૧

નવા વર્ષે વધુ એક દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. હરિયાણાના ભિવાનીમાં ભૂસ્ખલનની ઘટના બની છે. ત્યાંથી પસાર થતા અનેક વાહનો પહાડના કાટમાળ નીચે દટાયા હતા. બચાવ કામગીરી દરમિયાન ચાર મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે અન્યને બચાવવાના પ્રયાસો ચાલુ છે. આ અકસ્માત નવા વર્ષના દિવસે થયો હતો. પહાડી માર્ગ પરથી અનેક વાહનો પસાર થઈ રહ્યા હતા. ત્યારે અચાનક પહાડ તૂટી પડ્યો. આ કાટમાળ લગભગ દસથી ૧૫ વાહનો પર પડ્યો અને તમામ વાહનો દટાઈ ગયા. કાટમાળ પડવાથી વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો.

જાહેર આભાર

ચિલોડા (ડ) ગામના તમામ મતદાર ભાઈ-બહેનો, મિત્રો અને શુભેચ્છકો, કાર્યકર્તાઓ અને ટેકેદારો, આપ સૌએ મારામાં વિશ્વાસ વ્યક્ત કરી આપણા ગામને સ્માર્ટ વિલેજ તથા વિકાસના પંથ લઈ જવાના સ્વપ્નને સાકાર કરવા માટે મને શ્વેતલ જયમીનકુમાર પટેલને સરપંચ તરીકે ચૂંટીને અને આપની સેવા કરવાની અમૂલ્ય તક આપી તે બદલ આપ સર્વેનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સમગ્ર જામનો સર્ગગ્રાહી વિકાસ થશે અને સૌ ગ્રામજનોનો ઉન્નતિના પથ પર આગળ વધશે એવો વિસ્વાસ અમે પ્રગટ કરીએ છીએ. ગ્રામ વિકાસના કોઈપણ કાર્યમાં કોઈપણ પ્રકારની સહાય માટે અમે સદૈવ આપની સાથે છીએ. અમે અત્રે ખાતરી આપીએ છીએ. નવા વર્ષની હાર્દિક સુભકામનાઓ...







શ્વેતલ જયમીનકુમાર પટેલ
સરપંચશ્રી, ચિલોડા ગ્રામ પંચાયત

જયમીનકુમાર જગદીશભાઈ પટેલ
ચેરમેનશ્રી, ધી ચિલોડા સે.સ. મંડળી લિ.

મુ. પો. ચિલોડામોટા, તા.જી. ગાંધીનગર

દસમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ



સ્વ. વિનોદભાઈ મૂળશંકર મહેતા
સ્વર્ગવાસ તા. ૨-૧-૨૦૧૨

जातस्य ही ध्रुवो मृत्यु - र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
(श्रीमद भगवद गीता - २-२७)

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
(શ્રીમદ્ ભગવત્ ગીતા ૨-૨૭)

આપની દસમી પુણ્યતિથિએ
પાવન આત્માને શત્ શત્ વંદન

લિ.
હસુબેન વિનોદભાઈ મહેતા (યુ.કે.)
રૂપેશ વિનોદભાઈ મહેતા (યુ.કે.)
હર્ષિદા રૂપેશ મહેતા (યુ.કે.)
દેવ રૂપેશ મહેતા (યુ.કે.)
મીનલ (યુ.એસ.એ.) ● કાનન (યુ.એસ.એ.)